બાલવાર્તાવલિ. અંક ૧લો.

વર્ગ ત્રીજો.

મહારાજ કનકકાન્ત.

પ્રકાશક

વીરબલ હ. મહેતા.

ગોપીપરા, સુરત.

સુરત

ગુજરાત સ્ટાન્ડર્ડ" પ્રેસમાં શા. હો. ખસુખાંએ છાપ્યું.

બાલવાર્તાવલિ. અંક ૧લો.

વર્ગ ત્રીજો.

મહારાજા કનકકાન્ત.

અનુવાદક અને પ્રકાશક

વીરબલ હરીસુખરામ મહેતા.

એસ. ટી. સી; એફ. ટી. એસ.

બાલસાહિત્ય પ્રકાશ મંદીર

શાન્તિસદન, ગોપીપરા

સુરત.

મૂલ્ય આનો એક.

પ્રસ્તાવના.

ન્હાની ન્હાની વાર્તાઓ દ્વારા બાલહૃદયપર સદ્ગુણની છાપ પાડવા અને હેમનામાં વાંચનવિલાસ જાગૃત કરવા આ "બાલવાર્તાવલિ"ની પ્રવૃત્તિ છે. બાલ્યાવસ્થામાં હૃદયપર પડેલી છાપો ભુસાતી નથી અને વાર્તાઓ આવી છાપ પાડવાનું સુંદર સાધન છે એનો તો સર્વ કોઇ સ્વીકાર કરશે. ઇંગ્રેજી સાહિત્યમાં બાલકોને માટે ખાસ સાહિત્ય છે અને બાલકોને આનંદ આપે એવાં સેંકડો પુસ્તકો લખાય છે તથા ઘણાં માસિકોને પણ પ્રકટે છે. પરંતુ આપણા સંકુચિત સાહિત્યમાં બાલકો માટેનું સાહિત્ય ઘણું ઓછું છે; લગભગ નથી એમ કહીએ તો ચાલે.

આ એક મ્હોટી ખોટ છે. એ ખોટ પરી પાડવાનો આ એક અલ્પ પ્રયાસ છે. સરકારી અને દેશી કેલવણી ખાતાંઓ અને વિદ્વાન સદ્ગૃહસ્થો એને ઘણી રીતે આશ્રય આપી શકે એમ છે; અને આશા છે કે આશ્રયને અભાવે પડી ભાગતી અનેક ઉપયોગી યોજનાઓમાની એક તરીકે ગણાવાનો વખત આ યોજનાને નહિ આવે.

સુપ્રતિષ્ઠિત સાક્ષરોએ આ વાર્તામાળા માટે વાર્તાઓ લખવા કબુલ્યું છે. હેમને હાથે લખાતી વાર્તાઓ બોધક અને રસિક થશે એ નિઃશંશય છે.

બાલસાહિત્ય પ્રકાશ મંદીર,
શાન્તિસદન,
આમલીરાન-ગોપીપુરા,
સુરત.

વી. હ. મહેતા.
પ્રકાશક.

મહારાજા કનકકાન્ત.

પ્રકરણ-૧લું.

કંજુસ રાજા કનકકાન્ત.

પૂર્વે ઘણો રિધ્ધિસિધ્ધિવાળો એક રાજા થઇ ગયો છે; ત્હેનું નામ કનકકાન્ત હતું. ત્હેને ન્હાની સરખી એક છોકરી હતી. એ છોકરી વિષે મ્હારા સિવાય કોઇ બીજાના સાંભળવામાં કશુંએ આવ્યું નથી. ત્હેનું નામ કાંતો મેં જાણ્યુંજ નથી, અથવા જો તે જાણ્યું હશે, તો તે યાદ નથી. વળી ન્હાની છોકરીઓને વિચિત્ર નામો આપવામાં મ્હને કંઈ ઓરજ આનંદ થાય છે, તેથી હું તેને **સુવર્ણસુતાને** નામે ઓળખાવીશ.

આપણા રાજા કનકકાન્તને સોનું જેટલું વહાલું હતું, તેટલું બીજું કાંઇ પણ વહાલું ન હતું. તેના રાજ્ય મુકુટને પણ તે કિંમતી ગણતો હતો, ત્હેનું કારણ એજકે તે સોનાનો હતો. સુવર્ણના કરતાં કંઈક

વિશેષ, તેહનાં જેટલું કે તેથી અર્ધું પણ જો કાંઈ ત્હેને વહાલું હતું તો તે આ આપણી નાની કુમારિકાજ હતી. તે હંમેશાં ત્હેના પિતાને પગ મૂકવાના ત્રિપાયા સાથે આનંદમાં ગેલ કર્યાં કરતી. પરંતુ જેમ જેમ રાજા કનકકાન્તનો પોતાની પુત્રી પ્રતિનો પ્રેમ વધતો ગયો, તેમ તેમ વધારેને વધારે દ્રવ્ય સંપાદન કરવાની જીજ્ઞાસા અને આતુરતા પણ વધતાં ગયાં. ગરીબ બિચારો કનકકાન્ત એમજ ધારતો હતો, કે દુનિયામાં કોઇ પણ જગોએ હજુ સુધી એકઠો થયો ન હોય એવો ચળકતા સોનાનો એક ઢગલો પોતાની પુત્રીને વારસામાં આપી જવા કરતાં બીજું કાંઇ વધારે આનંદદાઇ નથી. તેથી તે હમેશાં આ એકજ વિચારમાં પોતાનો વખત ગાળતો.

જેઓ ડાહ્યા થવાનો સતત પ્રયત્ન કરતા નથી, તેઓ દહાડે દહાડે વધારે બેવકુફ બને છે. આખરે તેવીજ રીતે આપણા રાજાને થયું. તે એવા તો વિચિત્ર સ્વભાવનો થઈ ગયો, કે સુવર્ણ સિવાય અન્ય પદાર્થની વસ્તુઓને અડકવું, કે ત્હેના તરફ જોવું, એ ત્હેને કંટાળા ભરેલું લાગતું. પરિણામ એ આવ્યું કે કનકકાન્ત પોતાના મહેલને ભોંય તળીએ એક અંધારા અને

એકાંત ભોંયરામાં દિવસનો ઘણોખરો ભાગ ગાળતો. આજ જગાએ તે પોતાનો પૈસોટકો વગેરે રાખતો.

તે જગા કોઇ અરણ્યમાં આવેલી ઉંડી, અંધારી ભયંકર ગુફા જેવી હતી; તોપણ જ્યારે કનકકાન્તને ખુબ આનંદ મેળવવાનું મન થતું, ત્યારે તે ત્યાં જતો. બારણું બરોબર ચોકસાઈથી બંધ કરીને, પછી તે ત્યાં નિરાંતે બેસતો અને સોનાના સિક્કાઓની કોથળીઓ લઈ પોતાની પૂંજી ગણતો. કોઇવાર સોનાનું પવાલું અથવા તો સોનાની રજકણથી ભરેલું કોઈ વાસણુ લઈ, એક ન્હાના બાકામાંથી કાંઈ સહેજ સૂર્યનો પ્રકાશ આવતો હતો, ત્યાં ત્હેને ધરી, ત્હેના પ્રકાશવડે વસ્તુઓને ચળકતી જોઈ મનમાં ખુશ ખુશ થતો; અને ત્હેના સામું જોઈ રહેતો. આ સૂર્યનું કિરણ જો ત્હેની દોલતને પોતાના પ્રકાશથી ચળકાવતું ન હોત તો તે ત્હેને પ્રિય લાગત કે નહિ, એ મ્હોટી શંકાની વાત છે.

ઘડીમાં સોનાના સિક્કાઓને કોથળીમાંથી કાઢીને ગણુતો, તો ઘડીમાં સોનાના સળીઆઓ ઉંચા ફેંકી, નીચે પડતાં પહેલાં, તેને ઝીલી લેતો; વળી ઘડીમાં સોનાની રજકણો હાથમાં લઈ, આંગળીઓના વચગા-

ગામાંથી તે નીચે ખરતી જોઇ રહેતો. કોઇ વખત ચળકતા સોનાની સપાટીપર પોતાનું પ્રતિબિંબ પડતુ તે જોઈ રહેતો, અને મનમાં મગ્ન થઇ વિચાર કરતો કે “ અહો ! કનકકાન્ત તું કેવો ભાગ્યશાળી છે !! તું કેવો સુખી છે ! ! ” પરંતુ તે પ્રસંગે ચળકતા સીસા પવાલામાં પડતું તેનું પ્રતિબિંબ તેના કેવા ચાળા પાડતું, તેનું વર્ણન કરવા કરતાં અનુમાન કરવું એજ વધારે સુગમ છે. એ પ્રતિબિંબ જાણે તેની મૂર્ખાઈ સમજતું ન હોય, અને તેની મશ્કરી કરવામાં આનંદ માનતું ન હોય એમ લાગતું.

આ પ્રમાણે જોકે રાજા કનકકાન્ત પોતાને સુખી કહેતો, તોપણ તે ખરેખર પોતાને સર્વ વાતે સુખી ગણતો ન હતો; જેવો જોઈએ તેવો પોતે સુખી ન હતો, એવું કાંઇક ભાન ત્હેને હમેશાં થયા કરતું. ત્હેના વિચારવા મુજબ જ્યારે આખી દુનીઆ ત્હેના દ્રવ્યનો ભંડાર થઈ રહે, અને સર્વત્ર પોતાની માલકીનું સુવર્ણ ચળકી રહે, ત્યારેજ આનંદ ને સુખની પરિસીમા આવેલી ગણાય !

પ્રકરણ-૨ જું.

લક્ષ્મી દેવીનાં દર્શન.

એક દિવસ સાંજે રાજા કનકકાન્ત. પેલા અંધારા ભોંયરામાં બેઠો બેઠો, પોતાની સંપત્તિના વિચારોમાં ગર્ક થઇ ગયો હતો. પોતાનો સંચય કેમ વૃધ્ધિ પામે, અને કયારે સમસ્ત જગતના સોનાનો પોતે સ્વામિ થાય, એ વિચારમાં કાળની ગતિનું ભાન પણ તે ભૂલી ગયો હતો. સાંજનો સમય થવા આવ્યો હતો, અને ઉનાળાનો ઉગ્ર રવિ ત્હેના અસહ્ય તાપે અકળાએલા લોકોના શ્રાપ વડે પશ્ચિમમાં સ્થાનભ્રષ્ઠ જણાતો હતો; પરંતુ તેનું એક કિરણ રાજા કનકકાન્તના ભોંયરામાં હજુ પડતું હતું, અને ત્હેને પ્રિય સુવર્ણની પાતળી દોરી જેવું જણાતું હતું. રાજા કનકકાન્તની દૃષ્ટિ એકદમ એ કિરણ ઉપર પડી અને તે ચમકયો ! પળ બે પળ તો તે સમજ્યો પણ નહિ કે આ સ્વપ્ન છે કે જાગૃત !

જ્યાંથી એ કિરણ પ્રવેશ કરતું ત્યાં આગળ તેણે સાક્ષાત્ લક્ષ્મીદેવીનાં દર્શન કર્યાં. પ્રાતઃકાળના બાલસૂર્યના કોમળ કિરણમાં પ્રકાશી રહેતા, નિર્દોષ

કુમારિકાના લજ્જાથી છવાયેલા ગાલ જેવા ગુલાબી મૃદુ વર્ણની સાડી, અને વસંત ઋતુના સ્વચ્છ નિર્મળ આકાશના એકાદ રેજાની બનાવેલી ન હોય એવી રમ્ય આસમાની કગલીમાં સજ્જ થયેલી દેવી કાંઈ દિવ્ય પ્રભા પ્રસારતી હતી. તેના મુખ ઉપર જે દિવ્ય તેજ ઝળકી રહ્યું હતું તે ઉપરથી રાજા કનકકાન્તે જાણ્યું કે આ કોઇ દેવીજ હોવી જોઇએ. એમ વિચારી તરતજ તેણે મસ્તક નમાવી નમસ્કાર કર્યા.

વળી કનકકાન્તને ખાતરીજ હતી કે બારણું બરોબર બંધ કરીને કળ ચોક્કસ દીધી હતી, તેથી આ ઓરડામાં કોઈ પણ મનુષ્યની પ્રવેશ કરવાની સત્તા ન હતી, માટે આવનાર દૈવીજન જ હોવું જોઇએ.

દેવીએ ઓરડાની અંદર આમ તેમ સર્વ વસ્તુપર દૃષ્ટિ ફેંકી, અને જે જે ચળકતી વસ્તુઓ ત્યાં પડી હતી, ત્હેનું અવલોકન કરી, રાજા કનકકાન્તને કહ્યું "તું કોઇ મહાન દ્રવ્યવંત પુરૂષ જણાય છે; તાહરા ઓરડામાં જેટલા ધનનો સંચય દેખું છું, તેટલો સંચય ભાગ્યેજ કોઈ સ્થળે દેખી શકાય." કનકકાન્તે ઘણાજ અસંતોષથી પ્રયુત્યુત્તર આપ્યો, "મારો સંચય તદ્દન સાધારણ છે, અને આ સર્વ એકઠું કરવામાં મેં મારી આખી

જીંદગી ગાળી છે. એ બાબત ધ્યાનમાં રાખીએ તો તે કાંઈ વિસાતમાં નથી. માનવીનું આયુષ્ય સોને બદલે હજાર વર્ષનું હોય, તો તે કાંઈક ધનવાન થઇ શકે ખરો!" દેવીએ પ્રશ્ન પૂછયો, "શું ત્યારે ત્હને હજુ સંતોષ થયો નથી?" કનકકાન્તે ઉત્તરમાં ડોકું ધુણાવ્યું. દેવીએ પુછયું, "ત્યારે ત્હને શાથી સંતોષ થશે વારૂ? મ્હને એ જાણવાનું કુતૂહળ થયું છે." કનકકાન્ત કાંઇક વિચારમાં પડયો, અને મનમાં કાંઈક નિશ્ચય કરતો હોય એમ જણાયું. એકાએક ત્હેને કંઈ સુંદર વિચાર સૂઝયો હોય એવી છાપ ત્હેની મુખમુદ્રા ઉપર પડી; અને જે સુંદર તથા ચળકતી ધાતુ તેને ઘણી પ્રિય હતી. ત્હેના જેવોજ એ વિચાર પણ સુંદર અને આકર્ષક હોય નહિ. એવો આનંદ ત્હેના મુખપર છવાઈ રહ્યો.

મસ્તક ઉંચું કરી તે લક્ષ્મી દેવીના સામું જોઈ રહ્યો, દેવીએ પશ્ન કર્યો કે ત્હને સંતોષ થાય એવું તેં કંઈ શોધી કાઢયું હોય એમ જણાય છે, ત્હને શી ઇચ્છા છે તે મ્હને કહે.

કનકકાન્તે ઉત્તર આપ્યો, "મને માત્ર આ એક ઇચ્છા છે. આટલી આટલી મહેનત કરીને એકઠો કરેલો દ્રવ્યનો ઢગલો હજુ માત્ર આટલોજ થયો છે તેથી હું

કંટાળી ગયો છું. માટે મ્હને એવી ઈચ્છા થાય છે, કે, હું જે જે વસ્તુને અડકું તે બધી સુવર્ણની થઈ જાય. આટલી સિધ્ધિથી મ્હને સંતોષ થશે."

આ સાંભળીને લક્ષ્મી દેવીને કાંઈક હસવું આવ્યું. કોઈ અંધારી જગામાં પડેલાં સૂકાં પાંતરાંઓ ઉપર એકદમ સૂર્યનાં કિરણો પડે તો તે જેમ એકદમ ચળકી ઉઠે તેમ પાંતરાં જેવાં સોનાંના કકડાઓ દેવીના હાસ્યના પ્રકાશથી ચળકી ઉઠયા.

"મિત્ર કનકકાન્ત! તેં આવો સુંદર વિચાર શોધી કાઢયો માટે ત્હને ધન્યવાદ ઘટે છે. ત્હારે કનક સ્પર્શ જોઈએ છે ખરૂં? ત્હારી ખાતરી છે કે આથી ત્હને પૂર્ણ સંતોષ થશે?" લક્ષ્મી દેવીએ કહ્યું.

કનકકાન્તે કહ્યું "સંતોષ ન થવાનું શું કારણ છે?"

"પાછળથી કનકસ્પર્શની શક્તિ માટે ત્હને પસ્તાવો તો નહિ થાય?" લક્ષ્મીદેવીએ પૂછ્યું.

"શા કારણથી મ્હારે પસ્તાવો કરવો પડે! સર્વાંશે સુખી થવાને માટે બીજું કશું હું માગતો નથી." કનકકાન્તે જવાબ આપ્યો "જો ત્હારી એવીજ ઇચ્છા છે તો આવતી કાલે સવારે ત્હને કનકસ્પર્શની દિવ્ય શાકત મળશે. અસ્તુ" એટલું કહી લક્ષ્મીદેવી અદૃષ્ય થઈગયાં.

४८०८

પ્રકરણ-૩જું.

વરદાન.

રાજા કનકકાન્ત રાત્રે સુતો ત્યાં સુધી ત્હેના હર્ષનો પાર રહ્યો નહિ. કયારે સુવાનો વખત થાય? કયારે પાછી સવાર પડે? અને કયારે લક્ષ્મીદેવીના વરદાનની અજમાયશ કરી જોઉં? એ વિચારોમાં તે અડધા ગાંડા જેવો થઈ ગયો હતો. "એ વરદાન ફળિભૂત થાય, તો એકલી પોતાની માલકીની સર્વ વસ્તુઓ નહિ પણ સાધારણ રીતે બીજા લોકો તુચ્છ ગણે એવી વસ્તુઓનો પણ સંગ્રહ કરી, પોતાને મળેલા વરદાનના પ્રતાપે સોનાની બનાવી દઈ, એ બધા સોનાના સંગ્રહ સામું તેના માલીક તરીકે જોઈ લેવું, એના જેવું સુખ કોઈએ સાંભળ્યું કે અનુભવ્યું નથીજ; કોઇ અનુભવતું નથી; અને કોઇ ભાગ્યેજ એવો અનુભવ કરશે. જગતમાં ત્રણે કાળમાં મારા જેવો સુખી કોઈજ નહિ?! અહા!!! હું કેવો સુખી, કે આટલા બધા સોનાનો સ્વામિ!!" એ વિચારે તે

રોજના કરતાં વહેલો સુતો, રોજના કરતાં મોડો ઉંઘ્યો. અને બીજા દિવસે રોજ કરતાં વહેલો ઉઠયો.

તે વખતે સૂર્યનું પહેલું રમણીય અને કોમળ કિરણ બારીમાંથી ત્હેના ઓરડામાં આવતું હતું; અને ઓરડાની છત ઉપર પરાવર્તન પામી ત્હેના ઉપર ડોકીઉં કરતું હોય એમ દેખાતું હતું. ત્હેની પથારીની ધોળી ચાદર ઉપર ત્હેનો જે પ્રકાશ પડતો હતો, તે કાંઈ ઓરજ દેખાતો હતો. જીજ્ઞાસા, આશા, ને હર્ષથી ઉભરાતાને ઉછળતા હૃદય સાથે ત્હેણે ચાદર ઉપર હાથ ફેરવ્યો તો જણાયું કે તે સુતરની ચાદર હવે સુતરની રહી ન હતી, પણ દેવીના વરદાનના બળે ચોખ્ખા અને ચળકતા સો ટચના નરમ સોનાના પાતળા તારની વણેલી બની ગઇ હતી. તરતજ તેણે જાણ્યું કે દેવીનું વરદાન ફળિભૂત થયું છે, અને અખુટ દ્રવ્યનો સ્વામિ થવાનું પોતાનું સ્વપ્ન ફળિભૂત થવાનો સમય હવે દૂર નથી.

હર્ષના આવેશમાં તે એકદમ ઉઠયો, અને ઓરડામાં જે કાંઇ હાથમાં આવે ત્હેને અડકી, આમતેમ નાના બચ્ચાની માફક દોડવા માંડયું.

ખાટલાનો એક પાયો પકડ્યો તે એકદમ સોનાનો થઈ ગયો; એક બારીએ નાંખેલો ઝીણો પડદો ખસેડવા ગયો તો કપડું ભારે થવા માંડયું. અને થોડી વારમાં તે પણ સોનાનું થઈ ગયું. ઝટ ઝટ તેણે કપડાં પહેર્યાં તો જોયું કે તે પણ સોનાનાં થઈ ગયાં; જોકે ન્હેનો ભાર જરા વધારે લાગવા માંડયો, તોપણ તે જેવાને તેવાં નરમ હતાં, એટલે આમતેમ હરવા ફરવામાં હરકત આવી નહિ. સુંદર સોનાના કપડામાં સજ્જ થયેલો પોતે કેવો દેખાય છે, તે જોવાને તે એક આયના તરફ ગયો, અને ઘણીવાર સુધી તેમાં પડતું પોતાનું પ્રતિબિંબ ઘણા હર્ષથી અને ઘણા સંતોષથી તેમજ કંઈક અભિમાનથી જોઈ રહ્યો. પોતાને માટે પોતાની પુત્રી સુવર્ણસુતાએ ગૂંથેલો રૂમાલ તેણે લીધો તો તે પણ સોનાનો થઈ ગયો. આ પ્રમાણે જે જે વસ્તુને તે અડકયો તે તે સર્વ વસ્તુ સોનાની થઈ ગઈ.

ભાગ્યના આવા અનુપમ ઉદયથી રાજા કનકકાન્ત મનમાં ઘણો ફૂલાવા લાગ્યો. તે વિચારવા લાગ્યો, કે મારા ધનને માટે હવે આ વિશાળ મહેલ પણ સાંકડો પડશે. તેથી તે નીચે ગયો. પણ દાદરે

ઉતરતાં દાદરના કઠેરા ઉપરથી જેમ જેમ તેનો હાથ નીચે સરતો ગયો, તેમ તેમ તેની પાછળનો ભાગ સોનાનો થતો ગયો. તે જોઇને તેના મ્હોં ઉપર સંતોષનું હાસ્ય રમી રહેલું જણાયું. બારણાનો આગળો ઉઘાડયો, તે પણ ક્ષણમાં સોનાનો થઈ ગયો. પછી તે પોતાના બાગમાં ગયો. ત્યાં બાગની અંદર જાત જાતના ગુલાબો કેટલાક પૂરાં ખીલેલાં, કેટલાક અડધાં ખીલેલાં હતાં; અને કેટલીક કળીઓ તો જાણે ત્હેની સામું શરમાતી શરમાતી હસતી હોય એવો દેખાવ જણાતો હતો. પ્રાતઃકાળના પવનની મંદ લ્હેરીઓ ત્હેમની સુંદર મધુર સુવાસ ખેંચી લાવતી હતી. કોઇ અજાણ્યા માણસને જોતાંવાર કોઈ નિર્દોષ બાળા એકદમ શરમાઈ જાય તે વખતે ત્હેના મુખ ઉપર જેમ શરમની રેખાઓ છવાઈ રહે છે. તેમ આ ફૂલો ઉપર પણ લજ્જાની છાયા છવાઈ રહી હતી. અને એવી સ્થિતિમાં ત્હેમનું સૌંદર્ય પણ કાંઈ ઓરજ લાગતું હતું.

પરંતુ કનકકાન્તના વિચાર પ્રમાણે ત્હેમને હજુ પણ વધારે સુશોભિત બનાવી શકાય એમ હતું; અને તેમ કરવાનો તેણે વિચાર કર્યો. ઘણી સંભાળથી એક પછી એક ગુલાબના કયારાઓમાં તે ફર્યો, અને જે

હજારો ગુલાબો ખીલી રહ્યાં હતાં તે સર્વને પોતાના જાદુઈ સ્પર્શથી, ત્હેમની વચમાં રહેતી ઝીણી રજકણો સહિત, સોનાનાં બનાવી દીધાં. આ કામ પૂરૂં થયું એટલામાં નાસ્તો કરવાનો વખત થયો. અને ત્હેને ભૂખ પણ બહુ લાગી હતી, એટલે તે એકદમ પોતાના મહેલ તરફ વળ્યો.

તે વખતે રાજાઓ કઈ જાતનો ખોરાક લેતા હતા ત્હેની મ્હને ખબર નથી, તેમ એ બાબતની શોધખોળ કરવાનો મ્હને અવકાશ પણ નથી. પણ હું ધારૂં છું, અને એમ ધારવાના મ્હને સબળ કારણો પણ છે, કે ખાસ તે દિવસે સવારે તો નાસ્તામાં ઉની પુરીઓ, ગરમ મસાલાવાળું દૂધ, ઘીથી તળેલું સૂરણ વગેરે આપવામાં આવ્યું હતું. ત્હેની છોકરીને માટે પણ આજ ખોરાક હતો. મ્હારૂં ધારવું ખરૂં હોય કે ખોટું હોય પણ એક રાજાને નાસ્તામાં આવો ખોરાક આપવો એ કાંઇ ત્હેની સ્થિતિને અયોગ્ય ગણાય નહિ.

પ્રકરણ-૪થું.

સુવર્ણનો નાસ્તો.

ગયા પ્રકરણમાં આપણે ગણાવેલી વસ્તુઓ રાજા કનકકાન્તને સારૂ લાવવામાં આવી હતી. અને નાસ્તો કરવાના ઓરડામાં બ્રાહ્મણે સર્વ વાતની તૈયારી રાખી હતી. રસોઇઓ બ્રાહ્મણ જેવો લાગતો હતો; કેમકે તેણે પરસેવા અને તેલથી પીધેલું પોતાની ચામડીના રંગમાં ભળી જતું જનોઇ પહેરેલું હતું. ત્હેનું વર્ણ કાળીચોદસની કાળીરાત્રિ જેવું હતું. તે ઉપરથી આપણે એમ અનુમાન કરીએ, કે તે શ્રી કાલિકા દેવીનો ઉપાસક હતો તો કાંઇ ખોટું નહિ. કેમકે આપણે જેની ઉપાસના કરીએ, તેવા થઇએ એમ કહેવાય છે. માટીના ન્હાના બાળકની ન્હાની આંગળીના એરડા જેવા માટીના મકાનમાં પૂરાયેલો કીડો ભમરીનું અહર્નિશ ચિંતવન કરવાથી ભમરી નથી થઈ જતો ? ત્હેના કપાળની હેઠે અને ચિનાઇ નાકની બે બાજુએ બે મોટી આંખો ચળકતી હતી. ચ્યવન ઋષિની પેઠે આ મહારાજ કદી વનમાં જઇ

તપશ્ચર્યા કરવા બેસે, અને ત્યાં ચ્યવન ઋષિની આંખોમાં કાંટો ભોંકનારી સુકન્યા જઈ ચઢે તો તે કાંટો ભોંકવાને બદલે મિયાંઉ – મિયાંઉ–કરી તેમની સમાધિનો ભંગ કરવા પ્રયત્ન કરે, અથવા તેમની આગળ ઉંદર છૂટો મૂકે. તેણે એક ટુંકા પનાની કાશ્મીરી ધાબળી પહેરી હતી. અને ધાબળીની કમર આગળની રાની કોર પર મુસ્તાક થઈ તેમનું ગાગરીઉં પેટ નીચું વળી ડોકીયાં કરતું હતું. હવે આ ભૂદેવનું વર્ણન ન કરતાં આપણે રાજા કનકકાન્તની તરફ વળીએ.

અંહિ સર્વ વસ્તુ તૈયાર હતી. તમો ધારશો કે બેસવાનો પાટલો તથા અન્નપાત્રો સર્વે સોનાના કે રૂપાના હશે, પણ તેમ ન હતું. રાજા કનકકાન્તને સુવર્ણ આટલું પ્રિય છતાં, કોણ જાણે શા કારણથી બેસવાનો પાટલો તથા થાળી મૂકવાના બાજઠ ઉંચા સુખડના લાકડાના બનાવેલા હતા, અને ત્હેમાં હાથીદાંતની કારિગીરી કરેલી હતી. દરરોજની વપરાસમાં સુવર્ણ ઘસાઈ જાય એવી બ્હીકથી તે સુનાના ન કરાવ્યા હોય તો તે સંભવિત છે. થાળી પણ સોનાની હતી નહિ.

સર્વ સામગ્રી તૈયાર હતી. સુવર્ણસુતાનો પાટલો પણ માંડેલો હતો. પણ હજુ તે આવી નહતી. માટે

રાજા કનકકાન્તે ત્હેને બોલાવવાનો હુકમ કર્યો. ત્હેનો દ્રવ્ય લોભ આપણે ગમે તેટલો હસી કાઢીએ તોપણ આપણે એટલું તો ન્યાયની ખાતર કબૂલ કરવુંજ જોઈએ કે તે પોતાની પુત્રીને ખરા અંતઃકરણથી ચ્હાતો હતો. અત્યારે એ પ્રેમ ઘણો વધી ગયો હતો, કેમકે ત્હેને સુખી કરવાનું એક અમૂલ્ય સાધન પ્રાપ્ત થયું હતું.

તેણે આજ્ઞા કરી કે તરતજ ત્હેનું પાલન કરવામાં આવ્યું, અને તરતજ સુવર્ણસુતાએ પ્રવેશ કર્યો. આજ તે હંમેશના જેવા આનંદમાં નહતી. તેણે પોતાના ચણીઆએ આંખ ઢાંકી હતી, અને ડુસકાં ભરતી હતી. જાણે ત્હેનાપર કાંઈ મહાન્ આપત્તિ આવી પડી હોય નહિં ?

" કેમ બેટા રડવાનું શું કારણ છે ? આજના આ રમણીય અને આનંદદાયક દિવસે ત્હને શું થયું છે ? " કનકકાન્તે પ્રશ્ન કર્યો.

સુવર્ણસુતાએ પોતાનું મ્હોં ઉઘાડયા વિના એક હાથ કનકકાન્ત તરફ લાંબો કરી ધર્યો. એ હાથમાં તેની દિવ્ય શક્તિથી થોડીવાર પરજ સુવર્ણનું બની ગયેલું એક ગુલાબનું ફૂલ હતું.

"એમાં રડવા જેવું શું છે? કેવું સુંદર એ ફૂલ છે? આવું ફૂલ તો મેં કદી જોયુંજ નથી!" કનકકાન્તે પુત્રીનું શાંત્વન કરવાના હેતુથીજ નહિ, પરંતુ તે એમ માનતો હતો તેથી કહ્યું.

સુવર્ણસુતાને ડૂસકાં માતાં નહતાં, અને ડૂસકાં ખાતાં ખાતાં જેમ અને જેવું બોલાય તેમ તેવું બોલીને તેણે કહ્યું "એ સુંદર નથી. આવું કદરૂપું ફૂલ કદી ઉગ્યુંજ નહિ હોય; ત્હમને ગુલાબના ફૂલ કેવાં ગમે છે તે હું જાણું છું, તેથી કપડાં પહેર્યાં કે તરતજ હું બાગમાં ત્હમારે માટે ફૂલ ચૂંટવા ગઇ. પણ જુઓ તો ખરા, કે આ શું થયું છે? બહુ કેવું દુર્ભાગ્ય! પેલાં ગુલાબો કેવી સુંદર સુવાસ આપતાં હતાં; અને કેવાં લજ્જાળુ દેખાતાં હતાં! હવે બધાં બદલાઇ ગયાં છે, અને ફીકાં પડી ગયાં છે. આ તમે જુઓ છો તેવાં બધાં પીળાં થઇ ગયાં છે. અને કાંઇ પણ સુવાસ આવતી નથી. એ શું થયું હશે?"

"મ્હારી પ્રિય પુત્રી! રડના" કનકકાન્તે કહ્યું.

એ ફેરફાર પોતાની શક્તિથી થયો હતો, એ વાત સ્વિકારતાં ત્હેને શરમ લાગી. બ્હેન બેસ, અને

આ નાસ્તો લે. આવું હજારો વર્ષ લગી ચાલે એવું રમણીય ગુલાબ, એક ક્ષણમાં કરમાઈ જાય એવા ગુલાબ કરતાં શું સુંદર નથી?

"આવા ગુલાબની હું બિલકુલ દરકાર કરતી નથી. **સુવર્ણસુતાએ** ઉત્તર આપ્યો; અને તિરસ્કારના આવેશમાં સુવર્ણ થઇ ગયલું ગુલાબ તેના પિતા તરફ ફેકયું. ફેંકતાં ફેંકતાં કહ્યું કે, "એમાં સુવાસનું નામ નથી અને તેની કઠણ પાંદડીઓ મ્હારા નાકમાં ભોંકાય છે.

પછી **સુવર્ણસુતા** પોતાના પાટલાપર નાસ્તો કરવા બેઠી; અને રાજા કનકકાન્તે દૂધનું પ્યાલું હાથમાં લીધું. પ્યાલું લેતાની સાથેજ તે સોનાનું થઇ જતાં ત્હેને વિચાર સૂઝયો, કે આ કાંઈ ઓરજ જાતનો વૈભવ છે. પોતાના જેવા સાદાઈથી રહેનાર રાજાને સુવર્ણના પ્યાલામાં દૂધ પીવું એ વિચિત્ર લાગ્યું. વળી વિચાર સૂઝયો કે આ બધા પાત્રો સુવર્ણના થશે, તે કેમ સચવાશે? રસોડું અને ભંડારીઉં હવે એને મૂકવાને કામ લાગશે નહિં! આવા ને આવા વિચારમાં એક ચમચો ભરી દૂધ પીવા માંડયું; પરંતુ તે જેવો દૂધ પીવા જતો હતો કે તરતજ દૂધ તેના હોઠને

સ્પર્શ થતાં સોનાનો રસ થઈ ગયું. અને પછી તેને. ગઠો બાઝી ગયો. આથી વિસ્મય પામીને કનકકાન્તથી 'અરે' એવી બૂમ પડાઈ ગઇ.

પછી ત્હેણે એક ન્હાની ફૂલેલી પુરી લીધી. જેવો તે પુરીને અડકયો કે તરતજ તે સોનાની દડી જેવી થઈ ગઇ. દૂધતો પિવાયું હતુંજ નહિ, અને પુરી પણ નહિ ખવાય એવી ખાત્રી થઈ!

"અરે આ કેમ ચાલે?" વિસ્મયમાં નિરાશ થઈ કનકકાન્ત બોલી ઉઠયો. બાળા સુવર્ણસુતા તો ચપચપ દૂધ પુરી ઘણા સ્વાદથી ખાતી હતી.

પુત્રીને પોતાનો નાસ્તો ચપચપ ખાતી દેખી પોતાની સ્થિતિપર કનકકાન્તે વિચાર કર્યો અને મનમાં બોલ્યો, "અહો નાસ્તાની આવી અમૂલ્ય અને અનુપમ સામગ્રી સમિપ છતાં એમાનું કાંઈ ખાઈ શકાય નહિ? વિચિત્ર!!"

અરે! પ્રિય બાલકો, આવો દયાજનક પ્રસંગ તમે કદી જોયો છે? એક રાજાની આગળ નાસ્તામાં મૂકી શકાય એવો સૌથી ઉત્તમ અને મોંઘો ખોરક ત્હેની સંમુખ પડયો હતો. પરંત

ત્હેનાથી એક કણ જેટલો પણ ખવાતો નહતો. જેટલું ત્હેનું મૂલ્ય હતું તેટલોજ તે નિરૂપયોગી હતો ! સુકો ટાઢો રોટલો અને છાસ ખાનાર ગરીબમાં ગરીબ મજુર પણ અત્યારે આ અડકે તેને સોનું કરી નાંખનાર રાજા કરતાં વધારે સુખી હતો; પણ આનું હવે કરવું કેમ ? નાસ્તાના સમયે જો કનકકાન્તને આટલી બધી ભૂખ લાગી હતી, તો પછી બપોરના જમવાને વખતે તે કેટલો ભૂખ્યો થઈ જશે ? અને તે વખતે પણ તેની થાળીમાં ગમે તે ખોરાક મૂકયો હશે, પરંતુ ત્હેને ત્હેનો હાથ અડકતાંજ તે સોનાનો થઈ જવાનો એમાં કાંઈ શક ન હતો. આ પ્રમાણે ચાલ્યાં કરે તો બાલકો કહો, કનકકાન્ત કયાં સુધી જીવી શકે ? આ વિચાર આપણનેજ આવે છે, એમ નથી; રાજા કનકકાન્તને પણ આ વિચાર સુઝયા હતા. ધીમે ધીમે ચોક્કસ રીતે ત્હેની ખાત્રી થવા માંડી કે, ખરૂં જોતાં દુનીઆમાં દ્રવ્ય એકલુંજ અમૂલ્ય નથી, એટલુંજ નહિ પરંતુ અમૂલ્ય વસ્તુઓમાં સૌથી શ્રેષ્ઠ પણ નથી.

પ્રકરણ-૫ મું

સોનાની પુત્રી.

કનકકાન્તની સ્થિતિ એવી કફોડી હતી, અને ત્હેની ભૂખ પણ એટલી બધી હતી, કે કનકકાન્તથી રહેવાયું નહિ; પોતાની લાગણી દબાવી રખાઈ નહિ. "અરેરે!!" કહી મોટેથી નિશ્વાસ મૂકયો. સુંદર બાલા સુવર્ણસુતા આ સર્વ જોયાં કરતી હતી. ત્હેના વિસ્મયનો પાર નો હતોજ નહિ, પણ હવે પિતાને દુઃખી દેખી તેના દુઃખનો પાર રહ્યો નહિ. એક ક્ષણ ત્હેના પિતાની ભણી દૃષ્ટિ કરી જોઇ રહી; અને ત્હેનું શું થાય છે, ત્હેની કલ્પના કરવા લાગી. બીજી ક્ષણે તે સ્નેહના આવેશમાં એકદમ પિતાના ભણી દોડી ગઇ. અને ત્હેને આશ્વાસન આપવાના હેતુથી અને ત્હેની દિલગીરી દૂર કરવાના વિચારથી ત્હેની કોટે વળગી પડી. કનકકાન્તે ત્હેને એક સ્નેહ ભર્યું ચુંબન કર્યું. આ વખતે ત્હેને ભાન થયું કે ત્હેની પુત્રીનો પ્રેમ કનકસ્પર્શની દિવ્યશક્તિથી તે જેટલું ધન મેળવી શકે ત્હેના કરતાં હજાર ઘણો મોંઘો હતો!

" મ્હારી વ્હાલી પુત્રી! બેટા **સુવર્ણસુતા**! મ્હારી મોંઘી **સુવર્ણસુતા**!" **કનકકાન્તે** પુત્રીને બોલાવી.

પણ પુત્રી શી? ને વાત શી? જવાબ મળ્યો નહિ. જવાબ મળે કયાંથી? પુત્રી તો સુવર્ણની પુતળી થઈ ગઈ હતી!! તરતજ **કનકકાન્તને** પોતાની મૂર્ખાઇનું ભાન થયું. અહા મેં શું કર્યું? મ્હને જે શકિત મળી છે, તે કેવી દુઃખદાયક છે? મ્હારી પુત્રીનો સ્નેહ ભર્યો મધુર ગુલાબી ચહેરો કયાં,—અને કયાં આ ઠરી ગયેલો સુંવાળો પીળો ચહેરો! અહા! તેના નરમ, કાળા, કેશ કયાં? અને કયાં આ સૂકા ઘાસની પૂળી જેવા પીળા કેશ! તેનું નાજુક કોમળ શરીર કયાં; અને કયાં આ જડ શરીર! આ સોનાની જડ પુતળીને હું શુ કરૂં!! દ્રવ્યના લોભમાં મેં આ શું કર્યું? મ્હારા દ્રવ્ય લોભનો ભોગ મ્હારી પ્રિય પુત્રી થઇ પડી?? હું કેવો બેવકુફ! આ અને આવા જે અનેક વિચારો **કનકકાન્તને** આવ્યા અને દુઃખ દેતા ગયા, તે સર્વ ત્હમને કહી બતાવી, દિલગીર કરવા માગતો નથી. પણ આટલું તો કહેવુંજ જોઈએ, કે તેનાથી **સુવર્ણસુતાને** આઘી ખસેડાતી નહિ, તેમ તે ત્હેની સામુ જોઈ શકતો પણ નહિ. એ સુવર્ણની પુતળી થઈ ગઈ છે, તે ત્હેનું અંતઃકરણ

માનવાને ના કહેતું હતું; પરંતુ એ પુતળી દૃષ્ટિ સમક્ષજ હતી, એટલે ના પણ કેમ મનાય ?

અહા ! તેના કોમળ મુખ પર આંસુ બાઝી રહ્યાં હતાં; અને તે પર દુઃખની; દયાની, સ્નેહની, એવી તો કોમળ છાયા છવાઇ રહી હતી કે એમ જણાતું કે હમણાં એ સર્વને લીધેજ તે સોનાની મટી પાછી હતી તેવી થઇ જશે. પણ અરે એ અશક્ય હતું. કનકકાન્ત હાથ ઘસતો અને માંથા કૂટતો રહ્યો. પણ તેના મનમાં એક ઈચ્છા ઘણું બળધારી ઉત્પન્ન થઈ, અને તે એજ હતી, કે " આ શકિતથી મળેલી અને ત્યાર પહેલાં સંચય કરેલી મ્હારી સર્વ સમૃધ્ધિ ભલે તણાઇ જાઓ, અને ભલે હું આખા જગતમાં ગરીબમાં ગરીબ માણસ કરતાં વધારે ગરીબ થઈ જાઉં, પણ મારી પ્રિય પુત્રી પાછી સંજીવન થાય, અને ત્હેના ગાલપર ગુલાબી પ્રસરે." એવી તેણે પ્રાર્થના કરવા માંડી–અને તે પ્રાર્થના તણે અંતઃકરણ પૂર્વક કરી.

આ જગતના સૃજનાર, અને તેનું પાલન કરનાર, સર્વ મનુષ્યનો મહાન અને પરમકૃપાળુ પિતાનો પોતાના સંતાન પર, એટલે કે આપણા સર્વપર અગાધ પ્રેમ છે. આપણે જેમ આપણા માબાપને કાંઈ પ્રાર્થના

કરીએ તો તેઓ સ્વિકારે છે, અને આપણી મનેચ્છાઓ પૂરી કરે છે, તેમજ આપણી ભૂલોને માટે માફી બક્ષે છે, તેમ આપણે; આપણા માતાપિતાના અને સર્વના મહાન પિતા પરમેશ્વર આગળ જ્યારે જ્યારે પોતાનાં પાપ કબુલ કરી ખરો પસ્તાવો જાહેર કરીએ છીએ, અને તેની ક્ષમા માગીએ છીએ, ત્યારે આપણી પ્રાર્થના તે હંમેશાં સ્વિકારેછે; અને આપણુ દુઃખ ટાળેછે. રાજા કનકકાન્તને ખરા અંતઃકરણથી પશ્ચાતાપ થતો હતો. તેણે એક ચિત્ત અને ખરી ભક્તિથી પરમેશ્વરની પ્રાર્થના કરી, કે "હું ગમે તેટલો ગરીબ થઇ જાઉં, પણ મ્હારી પ્રિય પુત્રી પાછી આપો."

ત્હેની આ નમ્ર પ્રાર્થના પરમેશ્વરે પ્રેમથી સ્વિકારી, અને લક્ષ્મીદેવીને કનકકાન્તના દુઃખનું નિવારણ કરવા આજ્ઞા કરી. તરત એ આજ્ઞા માથે ચઢાવી લક્ષ્મીદેવીએ કનકકાન્તને ફરી દર્શન દીધાં. આ વખતે તે ઘણા શોકમાં અને પશ્ચાતાપમાં ડુબી ગયો હતો, છતાં સુંદર વસ્ત્રોમાં સજ્જ થયેલાં લક્ષ્મીદેવીને ત્હેના સ્હામું હેત ભર્યું સ્મિત કરતાં ત્હેણે જોયાં કે તરતજ તે પરમભક્તિ પૂર્વક ત્હેમને ચરણે પડયો.

"ભકત કનકકાન્ત ઉઠ. તું કેમ આમ શોક કરે છે? કનકસ્પર્શની શકિત ત્હેને ફળિભૂત ન થઇ કે શું?" ગંભિર સ્વરે લક્ષ્મીદેવીએ કનકકાન્તને સ્નેહવચન કહ્યાં.

કનકકાન્તે તરત તો કાંઇ જવાબ આપ્યો નહિ, કેમકે ત્હેના દુઃખના વિચારો ત્હેના મનમાં ઘોળાયાં કરતા હતા. પણ પાછળથી તેણે કહ્યું, "એ શકિત ઘણી દુઃખદાયક નીવડી."

"શું એ દુઃખદાયક નીવડી? ખરેખર? એનું કારણ શું? કેમ મ્હારા કહ્યા પ્રમાણે નથી થતું? તું જે કાંઇ ઇચ્છતો તે ત્હને મળ્યું નથી?" દેવીએ પ્રશ્ન કર્યો.

"સુવર્ણમાંજ સુખની સમાપ્તિ નથી થતીઃ મેં મ્હારૂં સર્વસ્વ ગુમાવ્યું છે; મ્હારી આ એકની એક પુત્રીને હું દુનીઆમાં સર્વથી વધારે ચાહું છું. તે હવે મ્હારી રહી નથી"? કનકકાન્તે જવાબ આપ્યો.

ત્હેં ગઇ કાલ પછી એક શોધ કરી જણાય છે. તો હવે બોલ. સાદા પ્યાલામાં ભરેલું નિર્મળ પાણી વધારે સારૂં, કે કનક સ્પર્શ?" દેવીએ પૂછયું.

"એ પાણી, એ પાણી, અરેરે? મ્હારી તરસ છીપાવનારૂં એ નિર્મળ પાણી!" કનકકાન્તે જવાબ આપ્યો એ પાણી હવે મ્હારૂં ગળું કદી લીલું નહિં કરે?

"રોટલીનો કટકો વધારે સારો, કે કનક સ્પર્શ ?" દેવીએ પ્રશ્ન કર્યો.

"રોટલીનો એક કટકો આખી દુનીઆના સોનાથી વધારે મોંઘો છે." કનકકાન્ત બોલ્યો.

ન્હાની, કોમળ, હેતાળ, મધુર સુવર્ણસુતા સારી કે કનક સ્પર્શ ?" દેવીએ કહ્યુ.

"મ્હારી પુત્રી? મ્હારી પુત્રી ? વ્હાલી પુત્રી ? એના કોમળ ગાલનો મધુરો ગુલાબી રંગ, ત્હેના મુખપરનો એક ન્હાનો ગોળ તલ, હસતાં-હસતાં તેના ગાલમાં પડતા ઝીણા ખાડા, અહાહા ! એ સર્વમાંથી એકનેપણ, હું આખી પૃથિવીને સોનાનો મ્હોટો ઢગ બનાવી દેવાની શક્તિ કરતાં વધારે મૂલ્યવાન ગણું છું." કનકકાન્ત બોલ્યો.

"પહેલાં કરતાં તું હવે ડાહ્યો થયો ખરો. ત્હારૂં પોતાનું અંતઃકરણ એ કઠણ ધાતુનું બની ગયું નથી; હજુ તેમાં કોમળ લાગણીઓ વસે છે; તેમ જો ન હોત તો ત્હારૂં દુઃખ ટળી શકત નહિ. કહે, જોઇએ વારૂ, તું આ શક્તિથી ખરેખર કંટાળીજ ગયો છે ?" દેવીએ કહ્યુ.

"ખરેખર મ્હને તેનાપર તિરસ્કાર છૂટે છે." કનકકાન્ત બોલ્યો.

આ ક્ષણે એક માખી ઉડતી ઉડતી આવી, અને જેવી તેના મુખ ઉપર બેઠી કે તરત સોનાની થઈ ગઈ, અને જમીનપર તેની સંમુખ પડી. કનકકાન્ત ચમક્યો.

"જા, ત્યારે ત્હારા બાગને પેલે છેડે જે નદી વહે છે, ત્યાં જઇને તેમાં સ્નાન કરીને એક ઘડામાં પાણી લઈ આવજે, અને પછી જે વસ્તુને પાછી મૂળ રૂપમાં લાવવી હોય, તેનાપર તે ઘડામાંનું પાણી છાંટજે, એટલે તે પાછી હતી તેવી થશે. ખરા અંતઃકરણ પૂર્વક અને શુધ્ધશ્રધ્ધાથી જો તું એ પ્રમાણે કરશે, તો ત્હારા લોભે કરેલો અનર્થ અને સંતાપ મટશે." દેવીએ કહ્યું.

કનકકાન્તે ભક્તિભર્યું નમન કર્યું, અને આંખ ઉઘાડી, ત્યાર પહેલાં તો લક્ષ્મીદેવી અલોપ થઈગયાં હતાં.

પ્રકરણ-૬ઠું.

કનક સ્પર્શનો ત્યાગ.

લક્ષ્મીદેવી અદૃશ્ય થયા પછી, રાજા કનક-કાન્તે તરતજ એક માટીનો ઘડો લીધો; અને નદી તરફ ઝડપથી ચાલ્યો ? પણ અરે જેવો તેણે ઘડો લીધો કે તરતજ તે પાછો સોનાનો થઈ ગયો, તે જોઈ કનકકાન્ત ચમક્યો. અને તેને પોતાની મૂર્ખાઈનું ફરીથી દુઃખજનકભાન થયું અને તેથી તેણે દીર્ઘ નિશ્વાસ નાંખ્યો. ઝાડીઓમાંથી તે જેમ જેમ આગળ

વધતો ગયો, તેમ તેમ તે સર્વ સોનાની થઈ ગઇ અને ત્યાં ખીલેલાં ભૂરાં ફૂલો પણ પીળા ચળકતાં સોનાનાં થઈ ગયાં. અને સૂર્યનાં કિરણોમાં ચળકતી તેની પાંખડીઓ, જાણે હજારો સૂર્યો પૃથ્વીના લોક ન્હીએ નહિ, માટે ન્હાનું રૂપ ધરીને રાજા કનકકાન્તની ફજેતી જોવાને પૃથ્વીપર ઉતરી પડયા હોય, એવો ભાસ કરતી હતી.

નદીને કિનારે આવી પહોંચતાંજ તેણે પાણીમાં એકદમ ડુબકી મારી. ત્હેની અધીરાઈ એટલી તો વધી ગઈ હતી, કે પગમાંથી પાવડીઓ કાઢવી પણ ભૂલી ગયો હતો. પાણીમાંથી બહાર આવી રાજાએ ફુ! ફુ! ફુ! અવાજ કર્યો અને બોલી ઉઠયો, “આ સ્નાન ઘણું શિતકર અને આલ્હાદક છે. અને મ્હને લાગે છે કે કનકસ્પર્શ તદ્દન ધોવાઈ ગયો હશે. હવે ઘડામાં પાણી ભરી લઉં.”

જેવો ઘડો પાણીમાં બોળ્યો કે તરત તે પાછો માટીનો થઇ ગયો. ત્હેને બદલાતો જોઇને રાજાના હર્ષનો પાર રહયો નહિ. પોતાના અંતઃકરણમાં પણ કાંઇક ફેરફાર થાય છે, એવું ભાન કનકકાન્તને થયું. ત્હેની છાતીની અંદરથી કાંઈ ભાર બહાર નીકળી જતો હોય તેવું જણાયું. અને ત્હેનું હૃદય હલકુ પ્રફુલ્લ બનવા લાગ્યું. ખરેખર તે માનુષી મટીને

ધાતુનું બનવા માંડયું હતું, અને તેથી લાગણી હીન પણ બનતું હતું; તે હવે ફરીથી સુકોમલ લાગણી વાળું બનવા લાગ્યું. એક છોડ પર ન્હાનું પુષ્પ કિનારા ઉપર ઉગ્યું હતું. ત્હેને કનકકાન્તે સ્પર્શ કર્યો; છતાં તે બદલાયું નહિ, તે જોઇને ત્હેને ઘણો આનંદ થયો. ત્હેની ખાત્રી થઈ કે કનકસ્પર્શની દુઃખદાયક શક્તિ પોતાને છોડી ગઈ છે.

પછી પાણીનો ઘડો લઇ, પોતાના મહેલ તરફ ત્વરાથી ગયો. ત્યાં પહોંચ્યા પછી, પહેલું—સૌથી પહેલું–શું કર્યું હશે વારૂં ? ખોબેખોબા ભરીને ઘડામાંનું પાણી ત્હેણે ત્હેની પ્રિય પુત્રી સુવર્ણસુતા ઉપર છાંટયું. પાણી છાંટયું કે તરતજ સુવર્ણસુતાના ગાલપર પાછી ગુલાબી છવાઈ રહી. અને થોડી વારે ત્હેણે ત્હેની મૃગસમ આંખો ઉઘાડી જોયું તો ત્હેનો ઝભ્ભો પાણીથી ભીંજાઇ ગયેલો જોયો. હજુ પણ ત્હેનો પિતા તેનાપર પાંણી છાંટતો હતો.

“ પિતાજી પાણી ન છાંટશો; જુઓ મારો ઝભ્ભો કેવો ભીનો થઇ ગયો છે ? હજુ તો આજેજ એ પહેરવા કહાડયો છે.” સુવર્ણસુતાએ કહ્યું. એ બિચારીને કયાં ખબર હતી કે થોડી વાર ત્હેના પિતાના સ્પર્શથી તે સોનાની પુતળી બની ગઈ હતી. પોતાના પિતાને તે ભેટી પડી ત્યાર પછી શું થયું હતું તે ત્હેને ખબર ન હતી.

પોતે કેવો બેવકુફ અને મૂર્ખ બન્યો હતો, તે તરત પોતાની પુત્રીને કહેવાનું કનકકાન્તે યોગ્ય ધાર્યું નહિ. પરંતુ ત્હેને ખુશ કરવા સારૂ, તે ત્હેની સાથે બાગમાં ગયો. અને ત્યાં જઈ ગુલાબના છોડવાઓ ઉપર પાણી છાટવા માંડયું. આથી કરીને હજારો ગુલાબો હતાં તેવાં થઈ ગયાં; અને જાણે ત્હેની મૂર્ખાઇનું ઉપહાસ કરતાં હોય, એમ ત્હેની સામુ હસતાં જણાયાં.

કનકકાન્તે તો પોતાનો દ્રવ્ય લોભ અને મૂર્ખાઇનો ઈતિહાસ સુવર્ણસુતાને કહ્યો નહિ. પણ સુવર્ણસુતા ચકોર, ચપળ અને બુધ્ધિમતી હતી; તેણે વાતમાં આ બનાવ બન્યા પછી કેટલાક વર્ષે આ પ્રસંગ વિષે પૃછયું, ત્યારે પોતે કેવો લોભી હતો, એ લોભ કેવો વધી પડયો હતો, લક્ષ્મીદેવીએ કેવું વરદાન આપ્યું હતું, અને તેથી તે કેવો ખુશી થઈ ગયો હતો, અને પાછળથી કેવો પસ્તાયો હતો, વગેરે હકીકત અથ-ઈતિ કહી; અને અંતે શિખામણ આપી, કે “ સુવર્ણસુતા ? પ્રિય પુત્રી, મારા દૃષ્ટાંત ઉપરથી તું શિખામણ લેજે, કે દ્રવ્યનો અતિ લોભ દુઃખનું મૂળ છે. ”

બાલ સાહિત્યાવલિ.

નં. ૧. મહારાજા કનકકાન્ત ૦–૧–૦

નં. ૨. આતે પતિ

નં. ૩. ક્રોધી યોગીરાજ

નં. ૪. રાજવંશી જુગારી

નં. ૫. પિતાનો ખોળો

નં. ૬. એક ફૂળનો પ્રતાપ

(નં. ૨ થી ૬) હવે પછી તૈયાર થશે.